# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

Ref no. PN 2025-26/415 Dt. 21/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ધો. ૧૦ અને ૧૨ પછી શું?, ઉકા તરસાડિયા યુનિવર્સિટીના નિષ્ણાત ફેકલ્ટી દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

**કારકિર્દી માટે માત્ર શૈક્ષણિક લાયકાત પૂરતી નથી, પરંતુ તેની સાથે કોમ્યુનિકેશન સ્કિલ્સ, ક્રિટિકલ થિન્કીંગ, પ્રોબ્લેમ સોલ્વિંગ અને એડેપ્ટેબિલિટી જેવી કુશળતાઓ પણ અત્યંત જરૂરી બની ગઈ છે, વિદ્યાર્થીઓએ સતત શીખવાની ભાવના રાખીને ટેકનોલોજી અને ટ્રેન્ડ્સ સાથે અપડેટ રહેવું જોઈએ**

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુસર કારકિર્દી માર્ગદર્શન મહોત્સવનું આયોજન કરાયું છે. આ મહોત્સવ અંતર્ગત રવિવાર, તા. ૧૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ઉકા તરસાડિયા યુનિવર્સિટીના પ્રોફેસર ડો. અર્પિતા વ્યાસે વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ૧૨ પછી વિવિધ કારકિર્દી વિકલ્પો, અભ્યાસક્રમો અને ભવિષ્યની તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ડો. અર્પિતા વ્યાસે જણાવ્યું હતું કે, આજના સમયમાં કારકિર્દી માટે માત્ર શૈક્ષણિક લાયકાત પૂરતી નથી, પરંતુ તેની સાથે સાથે કોમ્યુનિકેશન સ્કિલ્સ, ક્રિટિકલ થિન્કીંગ, પ્રોબ્લેમ સોલ્વિંગ અને એડેપ્ટેબિલિટી જેવી કુશળતાઓ પણ અત્યંત જરૂરી બની ગઈ છે. વિદ્યાર્થીઓએ સતત શીખવાની ભાવના રાખીને નવી ટેકનોલોજી અને ટ્રેન્ડ્સ સાથે અપડેટ રહેવું જોઈએ, જેથી તેઓ સ્પર્ધાત્મક યુગમાં આગળ રહી શકે.

આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓ માટે સમયસર યોગ્ય માર્ગદર્શન મળવું અત્યંત જરૂરી બની ગયું છે. માત્ર પરંપરાગત કારકિર્દી વિકલ્પો પૂરતા મર્યાદિત રહેવાને બદલે વિદ્યાર્થીઓએ નવા અને ઉભરતા ક્ષેત્રો જેવી કે ડિજિટલ ટેકનોલોજી, મેનેજમેન્ટ, ક્રિએટિવ ઇન્ડસ્ટ્રીઝ અને સંશોધન ક્ષેત્ર તરફ પણ ધ્યાન આપવું જોઈએ. તેમણે વિદ્યાર્થીઓને પોતાના લક્ષ્યો નિર્ધારિત કરીને યોગ્ય માર્ગદર્શન હેઠળ આયોજનબદ્ધ રીતે પ્રયત્નો કરવા પ્રેરિત કર્યા હતા, જેથી તેઓ પોતાની પસંદગીના ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી શકે.

ચેમ્બર ઓફ કોમર્સના એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાણીએ સ્વાગત સંબોધન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ પ્રશ્નો પૂછીને નિષ્ણાંત ફેકલ્ટી પાસેથી પોતાની શંકાઓનું નિરાકરણ મેળવ્યું હતું.